**"માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" અંગે સ્પષ્ટીકરણ/નવી જોગવાઈઓ કરવા બાબત**

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:- **ED/MSM/e-file/3/2023/4324/KH**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગનો ત.૧૪/૦૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:- જીસીઓ/૧૧૧૯/CHE-૧૩૪૨/ખ
2. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૩/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-હ-૨/સ્કો/૨૦૨૩-૨૪/૮૭૫.

**આમુખ:-**

રાજ્યમાં અમલી વિવિધ શિષ્યવ્રુતિ યોજનાઓની સમીક્ષા કરી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની અગાઉની તમામ શિષ્યવૃર્તિઓ રદ કરી એક નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજનાના નામે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" રાજ્ય સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ હતી. ત્યાર બાદ સમયાંતરે ઠરાવમાં જરીરૂ સુધારા-વધારા કરી વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીઓની કેટેગરી, તેઓને મળવાપાત્ર રકમ તથા પાત્રતાના ધોરણો ઠરાવેલ હતા.

૨. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોજના હેઠળ વહીવટી પ્રક્રિયામાં સરળતા રહે તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળી રહે તે હેતુથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરે વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના પત્રથી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૪/૦૨/૨૦૨૨ના ઠરાવની જૂની જોગવાઈઓના સ્થાને સ્પષ્ટીકરણ કરવા/નવી જોગવાઈ ઉમેરવા બાબતે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"ના વિભાગના તા.૧૪/૦૨/૨૦૨૨ના ઠરાવની જુની જોગવાઈઓના સ્થાને નીચે મુજબ નવી જોગવાઈ/સ્પષ્ટીકરણ બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | તા.૧૪/૦૨/૨૦૨૨ના ઠરાવની જોગવાઈ | નવી જોગવાઈ/સ્પષ્ટીકરણ |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. | પેરામેડીકલ અભ્યાસક્રમ માટે:-૨૫૦ શિષ્યવૃત્તિ | "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" અંતર્ગત પેરામેડીકલ અભ્યાસક્રમ માટે-૨૫૦ શિષ્યવૃત્તિને લાભ આપવા અંગેની જોગવાઈ છે. જેમાં નીચે મુજબનું વિભાજન કરવાનું રહેશે.<br>• આયુષ ડીપાર્ટમેન્ટને લગતા અભ્યાસક્રમ માટે-૨૦૦ શિષ્યવૃત્તિને લાભ આપવાનો રહેશે (NEETના ગુણના આધારે)<br>• અન્ય પેરામેડીકલ અભ્યાસક્રમ માટે-૫૦ શિષ્યવૃત્તિને લાભ આપવાનો રહેશે (ધોરણ-૧૨ના PCB થીયરી ગુણના આધારે) |
| 2. | માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) અંતર્ગત કેટેગરી નંબર-૦૩ અન્વયે યુ-વિન કાર્ડ (કેસરી, જાંબલી, વાદળી, મહેંદી, માટીકલર, સફેદ બેકગ્રાઉન્ડ વાળું) અને ઈ-નિર્માણકાર્ડ ધરાવતા લાભાર્થીને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. | મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) અંતર્ગત શ્રમિક કાર્ડ ધરાવતા વાલીની કેટેગરીમાં જે વાલી પાસે ઈ-નિર્માણ કાર્ડ હોય તેને જ માન્ય રાખી આ યોજનાનો લાભ આપવાનો રહેશે |

**નવી જોગવાઈ:-** મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) અંતર્ગત વિદ્યાથીઓ ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરી ૬ વર્ષ સુધીના ડ્યુઅલ ડીગ્રી (ડીપ્લોમા+ડીગ્રી) ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને પ્રથમ ૩ વર્ષ માટે આ યોજનાનો લાભ ડીપ્લોમા એન્જીનીયરીંગ સમકક્ષ આપવાનો રહેશે. ત્યાર બાદના તે જ ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોર્ષના ૩ વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે જો તે વિદ્યાર્થી ડીપ્લોમાથી ડીગ્રી અભ્યાસક્રમના કોર્ષ માટે અન્ય ડીપ્લોમા ધરાવતા વિદ્યાર્થીઓના પરિણામ સાથે સરખાવતા મેરીટમાં આવે તો જ પછીના ૩ વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે ડીપ્લોમાંથી ડીગ્રી એન્જીનીયરીંગ સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ માટે યોજનાનો લાભ આપવાનો રહેશે.

૩. આ સિવાયની તા.૧૪/૦૨/૨૦૨૨નાઠરાવ ક્રમાંક:- જીસીઓ/૧૧૧૯/CHE-૧૩૪૨/ખ તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

4. ઉક્ત નવી જોગવાઈઓ/સ્પષ્ટીકરણ આ ઠરાવ થયા તારીખથી લાગુ કરવાના રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૩૦/૧૨/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)

ઉપ સચિવ

Signature Not Verified
Signed by: B S Parmar
Under Secretary
Date: 2024.01.17
17:24:32 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ
- એકાઉન્ટ જનરલ-૧ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ-ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી, સ્થામિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વેબસાઈટ ઉપર અપલોડ કરવા વિનંતી સહ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ